ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૪ ડીગ્રી
લઘુતમ : ૯.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૫૬ ટકા

# શહેર આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ઘરફોડીયા બેફામ

## કોબા દિલ્હી પબ્લિક સ્કૂલમાં તસ્કરોએ રૂ.૪.૮૫ લાખની મત્તાનો હાથ ફેરો કર્યો : ઉવારસદ સદવિચાર વિકલાંગ કેન્દ્રમાં ચોરીનો પ્રયાસ : વલાદમાં પણ સવા લાખની મત્તાની ચોરી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ઘરફડીયાઓ બેફામ બન્યા છે. ગત રાત્રિ દરમિયાન ત્રણ અલગ અલગ વિસ્તારોમાં ચોરીની ઘટના બનવા પામી છે. નોંધનીય બાબત એ છે કે ચોરો હવે બિલકુલ બિન્દાસ્ત બની ગયા હોય તેમ લાગે છે. ચોરોને પોલીસનો તો ડર રહ્યો જ નથી પરંતુ આ ચોરીઓથી સાબિત થાય છે કે તેમને કોઈ પકડી પાડશે તેનો પણ ડર રહ્યો નથી. ચોરો ગત રાત્રે જે વલાદના મકાનમાં ચોરી કરવા ગયા હતા ત્યાનો મકાન માલિક પરિવાર સાથે ઘરમાં જ ઉપરના માળે સુતો હતો અને કોબાની જે શાળામાં ચોરી કરવા ચોરો ઘુસ્યા તેના તો સિક્યુરિટી ગાર્ડ પણ સંકુલમાં હતા. તેમ છતા ચોરોએ ચોરી કરવાની હિંમત કરી હતી. ગત રાત્રી દરમિયાન કોબા ખાતે આવેલી દિલ્હી પબ્લિક સ્કૂલમાં તસ્કરોએ રૂ.૪.૮૫ લાખની મત્તાનો હાથ ફેરો કર્યો હતો. જ્યારે ઉવારસદ ગામમા આવેલા સદવિચાર વિકલાંગ કેન્દ્રમાં પણ ચોર ટોળકીએ ચોરીનો પ્રયાસ કર્યો હતો. તે ઉપરાંત વલાદમાં એક મકાનમાંથી સવા લાખની મત્તાની ચોરી કરી તસ્કરો સરકી ગયા હોવાની વિગતો પ્રકાશમાં આવી છે.

મળતી માહિતી મુજબ કોબા ખાતે આવેલી દિલ્હી પબ્લિક સ્કૂલમાં રાત્રે ૧ થી ૪ના સમયગાળા દરમિયાન તસ્કર ટોળકી ત્રાટકી હતી. સ્કૂલની એડમીન ઓફિસમાં આવેલી એકાઉન્ટ બ્રાંચમાં ઘૂસીને તસ્કરોએ તિજોરી ખોલી અંદરથી ૪ લાખ રૂપિયા કેશ ચોરી લીધા હતા. તે ઉપરાંત પ્રિન્સિપાલની ઓફિસમાંથી એક કેમેરો અને બાજુની ચેમ્બરમાંથી બે કેમેરા મળી ૭૫ હજારની કિંમતના ત્રણ કેમેરા તથા બે મોબાઈલ મળી કુલ રૂ.૪.૮૫ લાખની મત્તાની ચોરી કરી તસ્કરો સ્કૂલમાંથી ફરાર થઈ ગયા હતા. નોંધનીય બાબત એ છે કે આ સ્કૂલમાં ત્રણ સિક્યુરિટી ગાર્ડ પણ ફરજ બજાવે છે. તેમ છતાં સ્કૂલમાં ઘુસીને ચોરી કરવાની હિંમત ચોરોએ કરી હતી. સ્કૂલના સીસી ટીવી કેમેરામાં બુકાનીધારી ચાર ચોર કેદ થઈ ગયા છે. અડાલજ પોલીસે સ્કુલના પ્રિન્સીપાલ અતનુ રથી પ્રસાદ રથીની ફરિયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને સીસીટીવી ફૂટેજ મેળવી ચોરો સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે. તો બીજી તરફ ગઈ રાત્રે ઉવારસદ ગામમાં આવેલી સદવિચાર વિકલાંગ કેન્દ્ર નામની સ્વૈચ્છિક સંસ્થામાં પણ ચોરો ઘુસ્યા હતા અને તિજોરીના તાળા તોડી ચોરીનો પ્રયાસ કર્યો હતો. જોકે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવા પામી નથી. તે ઉપરાંત વલાદમાં પણ ગત રાત્રે એક ઘરફોડ ચોરીની ઘટના બનવા પામી હતી. વલાદ ગામના રોહિતવાસમાં રહેતાં ભદ્રેશકુમાર સોમાભાઈ વાઘેલા ફળીયાની બહાર પાન-મસાલાનો વેપાર કરે છે. રાત્રે અગિયાર વાગ્યે પોતાના મકાનના ગ્રાઉન્ડ ફ્લોરમા દરવાજાને તાળુ મારી પોતાના ૭ વર્ષના પુત્ર તથા પત્ની સાથે ઉપરના માળે સુઈ ગયા હતા. સવારે આશરે સાડા છ વાગ્યે ઉઠ્યા બાદ તેઓ નીચે આવ્યા ત્યારે ઘરના દરવાજા ખુલ્લા જોવા મળ્યા હતા. જેને પગલે તેમણે અંદર જઈને જોતા ઘરમાં રહેલી ત્રણ તીજોરીના પણ દરવાજા ખુલ્લા હતા અને સામાન વેરવિખેર પડેલો મળ્યો હતો. સામાન ચેક કરતાં ઘરમાંથી ૧.૧૮ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના અને ૧૫૦૦ રૂપિયા રોકડા ગુમ હતા. ભદ્રેશકુમારે આ અંગે ડભોડા પોલીસને જાણ કરતાં પોલીસે ફિંગરપ્રિન્ટ એકસપર્ટ અને ડોગસ્કોડની મદદથી ઘટના સ્થળની તપાસ કરી ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને તપાસ આરંભી છે.

### ગ્રંથપાલોના પ્રતિક ઉપવાસનો કાર્યક્રમ મંજુરીના અભાવે રદ

ગાંધીનગર, તા.૫

તા.૭મી જાન્યુઆરીના રોજ ગુજરાત રાજયના લાયકાતવાળા ગ્રંથપાલોએ બેરોજગારી અંગે એક દિવસના પ્રતિક ઉપવાસનો કાર્યક્રમ યોજેલ હતો પરંતુ સત્તાવાળાએ હાલની પરિસ્થિતિને અનુલક્ષીને મંજુરી આપેલ નથી. પરિણામે પ્રતિક ઉપવાસનો કાર્યક્રમ રદ કરવો પડેલ છે.

ગુજરાત રાજયમાં શાળા, કોલેજો, યુનિવર્સિટીઓમાં છેલ્લા ૨૨ વર્ષથી ગ્રંથપાલોની ભરતી કરવામાં આવી નથી. છેલ્લા ૨૨ વર્ષથી ગ્રંથપાલોની સતત ઉપેક્ષા સેવાય છે. મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી સચિવોને આવેનદપત્રો છેલ્લા સાત વર્ષથી આપવામાં આવે છે. પરંતુ પરિણામ ઉત્સાહ જનક મળેલ નથી. ભરતીના અભાવે ૧૫૦૦૦થી વધુ ઉમેદવારો બેરોજગાર છે. જે આગામી લોકસભાની ચૂંટણીમાં મહત્વની ભૂમિકા ભજવશે તેમ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન પરિષદના અધ્યક્ષ ડૉ. મહેશ સોલંકીએ જણાવેલ છે.



### કાતિલ ઠંડીમાં તાપણાંની લેવાતી હુંફ

જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં થયેલી ભારે બરફવર્ષા થકી ગુજરાતમાં કાતિલ ઠંડીનું મોજું ફરી વળ્યું છે. જેમાં રાજયના પાટનગરને ઠંડુગાર બનાવવા શીત લહેર સતત ઉમેરો કરી રહી છે. પાટનગરવાસીઓ ઠંડીથી બચવા અનેક ઉપાયો અજમાવી રહ્યા છે. ભોજનમાં વસાણાનો ઉપયોગ થઈ રહ્યો છે તો શરીરને ઠંડીથી બચાવવા ગરમ વસ્ત્રો પહેરી રાખે છે જયારે રાત્રીએ રહેણાંક વિસ્તારોમાં ભેગા મળી તાપણાં કરી હુંફ મેળવી રહ્યા છે. ગાંધીનગરમાં સેકટરો સહિત ન્યુ ગાંધીનગરમાં પણ ઠેર ઠેર તાપણાં કરતા લોકો દશ્યમાન થઈ રહ્યા છે. ઠંડીનું જોર વધવાની શકયતા પણ હવામાન વિભાગ કરી રહ્યું છે ત્યારે ઠંડીમાં ગરીબ-મજુર માણસો પણ તાપણાં કરી ઠંડીમાં હુંફ મેળવી રહ્યા છે.

## સત્યાગ્રહ છાવણી ખાતે નર્સિંગ ઉમેદવારોના ધરણા

ગાંધીનગર, તા.૫

રાજય સરકાર મહિલા સશકિતકરણની સુફીયાણી વાતો કરે છે. ત્યારે રાજયના મહિલા કર્મચારીઓની વેદના જ રાજય સરકારના બહેરા કાનો સંભળાતી નથી. નર્સિંગ બોન્ડ સેવામાં દોઢ દાયકાથી આરોગ્યલક્ષી ફરજ નિભાવ્યા બાદ અચાનક છુટા કરી દેવામાં આ કર્મચારીઓના માથે આભ તુટી પડ્યું છે. આવી કારમી મોંઘવારીમાં પોતાના પરિવારનું ગુજરાન કેવી રીતે ચલાવવુ તે પ્રશ્ન તેમને સતાવી રહ્યો છે. ત્યારે ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે સવારે ૧૧ કલાકે બોન્ડ નર્સિંગના ઉમેદવારોના ધરણા યોજાયા હતા. આ ધરણા પ્રદર્શનમાં રાજયભરમાંથી ઉમેદવારો ઉમટી પડ્યા હતા. જયારે સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાની પરમિશન ન હોવાથી પોલીસે આ ઉમેદવારોને હાંકી કાઢ્યા હતા. જેને પગલે



ઉમેદવારો અને પોલીસ વચ્ચે થોડીવાર માટે ઉગ્ર બોલાચાલી થઈ હતી.ત્યારબાદ નર્સિંગના કર્મચારીઓ સે-૬ ના ગ્રાઉન્ડ ખાતે એકઠા થઈને બેઠા હતા.

રાજયના આરોગ્ય વિભાગ દ્વારા બોન્ડ સેવામાં ફરજ બજાવતા અંદાજીત ૭૨ કર્મચારીઓને ૩૧ ડિસેમ્બરના રોજ છુટા કરી દેવામાં આવ્યા છે. બોન્ડ સેવામાં દોઢ દાયકા સુધી ફરજ નિભાવી છે. રાજયની હોસ્પિટલ તેમજ પીએચસી અને સીએચસીમાં કામ કર્યું છે. મોટાભાગના ઉમેદવારો ઉં. ૪૦ વટાવી ચુક્યા છે. અત્યાર સુધીના ઈતિહાસમાં બોન્ડ કર્મચારીઓને છુટા કરાયા નથી. ૧૧ માસના કરાર આધારીત કર્મચારીને બોન્ડ પીરીયડ આપી સમાવેશ કરાતો હોય તો ત્રણ વર્ષના બોન્ડ આપી આ કર્મચારીઓને શા માટે છુટા કરી દેવામાં આવ્યા છે.હાલમાં ૧૪૬૬ જગ્યા માટે નિયમમાં ફેરફાર કરીને ૩૦ માર્ક કરાયા છે તો જુના કર્મચારીઓ માટે નિયમમાં કેમ ફેરફાર કરાતો નથી. ત્યારે બોન્ડના કર્મચારીઓ નોકરીમાં પરત લઈ કાયમી કરવાની માંગ સાથે સત્યાગ્રહ છાવણી એકઠા થયા હતા.પરંતુ પરમીશન ના હોવાથી પોલીસે હાંકી કાઢ્યા હતા, જેથી ઉમેદવારો અને પોલીસ વચ્ચે ચકમકના દ્રશ્યો પણ સર્જાયા હતા. આખરે ઉમેદવારો બાજુના ખાલી ગ્રાઉન્ડમાં બેસીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

### આજે આર્ય સમાજ ખાતે સવારે જીવન નિર્માણ વિષય પર પ્રવચન

ગાંધીનગર, તા.૫

આર્ય સમાજ મંદિર સેકટર-૨૪ ગાંધીનગર ખાતે તા. ૬ જાન્યુઆરીને રવિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે સુધી પંડિત લાભેન્દ્ર શાસ્ત્રીનું સંધ્યા, યોગ અને જીવન નિમાર્ણ વિષય ઉપર પ્રવચન રાખવામાં આવેલ છે. શહેરની સર્વે ધર્મ પ્રેમી જનતાને આ પ્રવચનનો લાભ લેવા આર્ય સમાજ મંદિર દ્વારા અનુરોધ કરાયો છે.

### સંસ્કાર ગૃપ દ્વારા વિવિધ કાર્યક્રમ યોજાશે

સંસ્કાર ગૃપ દ્વારા તા.૬ જાન્યુઆરીને રવિવારના રોજ સેકટર-૭ બગીચા ખાતે સવારે ૯ થી ૧૦ કલાક દરમિયાન ચિત્ર બાળકો દ્વારા દોરવામાં આવશે. જેમાં બાળકોને મનગમતા કુદરતી ચિત્રો, બગીચો, વૃક્ષો, પ્રાણી, પંખી, નદી, સરોવરનો સમાવેશ થાય છે. જયારે બાળકોને સંસ્કાર ગૃપ દ્વારા શિયાળાને અનુરુપ વસાણું આપવામાં આવશે.

### ધર્નુમાસ નિમિત્તે સે-૫-સીમાં શ્રીમદ ભાવગત કથાનું આયોજન

ગાંધીનગર, તા.૫

સુંદરધામ પરિવાર દ્વારા ગાંધીનગરના યુવા કથાકાર શ્રી ગોસ્વામી સંજયાપુની વ્યાસપીઠે તા. ૭મી જાન્યુઆરી ૨૦૧૯થી તા. ૧૩ જન્યુઆરી ૨૦૧૯ દરમિયાન બપોરે ૨.૩૦ કલાકે સે-૫-સી ખાતે શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. તો કથામાં દરેક નગરજનોને લાભ લેવા જણાવાયુંછે. જે ભકતો/નગરજનોને પોતાના સ્વજનનો ફોટો મુકવો હોય તે મુકી પુજાનો લાભ લઈ શકે છે. આ દિવસો દરમિયાન દરરોજ સુંદરકાંઠના પાઠનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## ખાતાકીય પીએસઆઈની ભરતીમાં હથીયારધારી પોલીસને અન્યાય

ગાંધીનગર, તા.૫

તાજેતરમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ખાતાકીય પોલીસ સબ ઈન્સ્પેકટર (મોડ-૨)ની ભરતીની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ૧૫ વર્ષ નોકરી પૂર્ણ કરનાર બિન હથીયારધારી પોલીસ કોન્સ્ટેબલ જ પરિક્ષા આપી શકશે તેવું જણાવાયું છે. જેથી હથીયારધારી પોલીસને બાકાત રાખવામાં આવતા હથીયારધારી પોલીસ કોન્સ્ટેબલમાં નિરાશા વ્યાપી જવા પામી છે. ત્યારે આ ભરતી અંગે યોગ્ય નિરાકરણ આવે તેમ હથીયારધારી પોલીસ જવાનો ઈચ્છી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ પોલીસ વિભાગમાં હથીયારધારી અને બિન હથીયારધારી સહિત એસ.આર.પી. એક જેવા જ સર્વાંગી ભરતી કરવામાં આવે છે. વહીવટી સરળતા ખાતર હથીયારધારી અને બિન હથીયારધારી એવા બે વિભાગ પાડવામાં આવ્યા છે. પોલીસ અધિનિયમન ૧૯૪૫ મુજબ હથીયારી અને બિન હથીયારી પોલીસ કોન્સ્ટેબલની ભરતી કરવામાં આવે છે. આ અધિનિયમમાં એક જ પગાર ધોરણ તેમજ સરખા નિયમ મુજબ ભરતી થાય છે. ત્યારે તાજેતરમાં ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ખાતાકીય પીએસઆઈની બહાર પડેલી ભરતીમાં માત્ર બિન હથીયારી જ કોન્સ્ટેબલ ઉમેદવાર તરીકે ભાગ લઈ શકે છે. જેને પગલે હથીયારી પોલીસ કોન્સ્ટેબલમાં આ ભરતીને લઈ અસંતોષ ફેલાયો છે અને ન્યાય માટે ન્યાય તંત્રના દરવાજા ખખડાવ્યા છે.

### ચિરવિદાય

- સ્વ. ચંદ્રાબેન જવાનજી સોલંકી, ઉ.વ. ૧૧૫
- સ્વ. નયનાબેન વિપુલભાઈ પરમાર, ઉ.વ. ૩૬
- સ્વ. નિતિન જગદીશભાઈ શાહ, ઉ.વ. ૩૬
- સ્વ. મુલતાની રવેરસિંઘ અમરસિંઘ, ઉ.વ. ૮૧
- સ્વ. અકુબેન ભાણજીભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૯૦
- સ્વ. ઈન્દુબા અભેસિંહ ચુડાસમા, ઉ.વ. ૬૧

## રાંધેજામાં વરલી-મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામમાં માંડવી ચકલા ખાતેથી વરલી મટકાનો જુગાર રમાડતા શખ્સને પેથાપુર પોલીસે ઝડપી પાડ્યો છે. ચોક્કસ બાતમીના આધારે પોલીસે ભીખા કચરાભાઈ સુથારને ઝડપી પાડી તેની પાસેથી વરલી મટકાનું સાહિત્ય અને રોકડા રૂ.૧૭૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પેથાપુર પીએસઆઈ એ. જી. એનુરકારની સુચનાથી તેમની ટીમે બાતમી આધારે દરોડો પાડી રાંધેજા ગામે માંડવી ચકલા ખાતેથી ભીખા સુથારને વરલી મટકાનો જુગાર રમાડતા પકડ્યો છે. આરોપી વરલી મટકાનો આંક લખતો રંગેહાથ ઝડપાયો હતો. તેની પાસેથી મળેલી ચીઠ્ઠીઓમાં કલ્યાણ, મીલન અને રતન બજાર લખેલું હતું. પોલીસે તેની પાસેથી રોકડા રૂ.૧૯૫૦ તથા વરલીના સાહિત્ય સહિતનો મુદ્દામાલ જપ્ત કરીને આરોપીની ધરપકડ કરી તેની સામે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.



એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ-૫ થીટ ના વિવિધ હાઉસના વિદ્યાર્થીઓએ નાથીબા હોલમાં પોરસ, હિટલર, ભગવાન ઈશુ, એલેકઝેન્ડર ચંગેસ ખાન વગેરે વિશ્વના મહાન માણસોના જીવન પર નાટકો વેશ પરિવેશ સાથે રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

# મેથ-મંત્રા ૨૦૧૯ : વિદ્યાર્થીઓ બન્યા 'હ્યુમન કોમ્પ્યુટર'

## સર્વવિદ્યાલય કેળવણી મંડળ દ્વારા વાર્ષિક ગાણિતિક ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન : અઘરા ગણિત વિષયક પ્રશ્નોના આપ્યા જવાબો માત્ર ૩૦ સેકન્ડમાં









ગાંધીનગર, તા.૫

સર્વવિદ્યાલય કેળવણી મંડળ દ્વારા ખૂબ જ મોટા પાયે 'મેથ મંત્રા ૨૦૧૯' નામની વાર્ષિક ગાણિતિક ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ચૌદ શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. 'મેથ મંત્રા ૨૦૧૯'નું કલ્પનાકરણ (conceptualization) સર્વવિદ્યાલય કેળવણી મંડળ ના 'વૈદિક મેથ' વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના સંચાલક, આયોજક અને ક્વિઝ-માસ્ટર તરીકે પરિધિ ત્રિવેદી પરીખે ભૂમિકા ભજવી હતી. રાઉન્ડ-૧માં કુલ ૫૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો જેમાંથી ૯૬ વિદ્યાર્થીઓની પસંદગી રાઉન્ડ-૨ (ફાઈનલ રાઉન્ડ) માટે કરવામાં આવી હતી. ૩જી જાન્યુઆરી ૨૦૧૯ ના દિવસે સર્વવિદ્યાલય મંડળ ના ખીમજી વિશ્રામ હોલ માં રાઉન્ડ-૨ યોજાયો હતો. સર્વવિદ્યાલય કેળવણી મંડળના વિદ્યાર્થીઓ બન્યા 'હ્યુમન કોમ્પ્યુટર' અને કહેવાતા અઘરા ગણિત વિષયક પ્રશ્નોના આપ્યા જવાબો માત્ર ૩૦ સેકન્ડમાં.

કુલ બારસો વિદ્યાર્થીઓ ઉત્સાહ ભેર આ ક્વિઝનો લાહ્વો લેવા ઑડિયન્સ તરીકે હાજર રહ્યા. સાચો જવાબ આપતી ટીમને આ વિદ્યાર્થીઓની હાજરીએ તાલીઓની ગડગડાહટ સાથે જબ્બરદસ્ત પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ધો - ૬, ૭, ૮ અને ૯ ના વિદ્યાર્થીઓ માટે અલગ અલગ રાઉન્ડમાં અલગ અલગ પ્રકારના સરળ થી અઘરા ગણિત ના પ્રશ્નો ડિઝાઈન કરવામાં આવ્યા હતા. જેના વિદ્યાર્થીઓએ ૩૦ સેકન્ડની સમય મર્યાદામાં સાચા જવાબો આપ્યા હતા. ઑડિયન્સ ક્વિઝ રાઉન્ડ પણ થયા જેમાંથી જે વિદ્યાર્થી ઓએ ઓન સ્પોટ સાચા જવાબો આપ્યા તેમને પણ ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ આખી ક્વિઝ એક હાઈટેક પ્રોગ્રામ તરીકે સિદ્ધ થઈ. દરેક ટીમના ટેબલ પર કમ્પ્યુટર સ્ક્રીન હતી કે જેમાં પ્રતિસ્પર્ધી ઓ પ્રશ્નો વાંચી શકે. માઈક અને બઝર વિદ્યાર્થી ઓ માટે આકર્ષણ નું કેન્દ્ર બન્યા હતા. મોટી સ્ક્રીન પર એ જ પ્રશ્નો ઑડિયન્સ માટે ફ્લેશ કરવામાં આવતા હતા. સ્કોર સ્ક્રીન અને લાઈવ વિડિઓ રેકૉર્ડિંગ સ્ક્રીનએ પણ વિદ્યાર્થી ઓને મોજ કરાવી દીધી. આ બધું જ જેમની આગેવાની હેઠળ શક્ય બન્યું તેઓ સર્વવિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલે પોતે પણ કાર્યક્રમમાં હાજર રહી વિદ્યાર્થીઓની પ્રશંસા કરી વિદ્યાર્થીઓ ની ગણિત વિષયને પ્રતિ તેમની રુચિ અને પરિશ્રમને બિરદાવતા "નો સ્ટડી, વિધાઉટ કડી" સ્લોગન પુનર્જીવીત કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમ સર્વ વિદ્યાલયની એમ.સી.એ. વિભાગના ટીમના સહકારથી શક્ય બન્યો હતો. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે સર્વ વિદ્યાલય મંડળના કેમ્પસ ડાયરેકટર સોમભાઈ સાહેબ, ઉપ-પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલ, લતિકાબહેને હાજરી આપી હતી. દરેક શાળાઓ ના આચાર્યશ્રી ઓનો સહકાર પણ ખૂબ અવિસ્મરણીય રહ્યો. વિનાબહેન , અમૃતાબહેન, અર્પિત ક્રિશ્ચિયન, ચેતનાબેન બુચ, નીવા બહેન પટેલ, વિનોદભાઈ પટેલ, મીલી સિંઘ, દશરથભાઈ પટેલ, બચુભાઈ પટેલ, સુધાબેન પટેલની ઉપસ્થિતિ પણ નોંધનીય રહી હતી. આ કાર્યક્રમમાં સંચાલક, આયોજક અને ક્વિઝ-માસ્ટર તરીકે પરિધિ ત્રિવેદી પરીખે ભૂમિકા ભજવી હતી. વિજેતા ટીમ ને ટ્રોફી અને મેડલ થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ૧૩ વર્ષથી નાસતો ફરતો ચીટર ગાંધીનગરથી ઝડપાયો

## નવા સચિવાલયમાં ક્લાર્ક તરીકે નોકરી કરતા શખ્સે ૧૩ વર્ષ પહેલા નોકરી અપાવવાના બહાને છેતરપિંડી આચરી હતી

ગાંધીનગર, તા. ૫

તેર વર્ષ પહેલા ગાંધીનગર ખાતે નવા સચિવાલય ક્લાર્ક તરીકે નોકરી કરતા શખ્સે નોકરી અપાવવાના બહાને છેતરપિંડી આચરી હતી આ મામલે આણંદ જિલ્લાના ઉમરેઠ પોલીસ મથકમાં છેતરપિંડીનો ગુનો દાખલ થયો હતો. છેલ્લા ૧૩ વર્ષથી નાસતા ફરતા આ ચીટરને ગાંધીનગર એલસીબીની ટીમે ગાંધીનગર શહેરમાંથી દબોચી લીધો છે. આરોપીની અટકાયત કરીને એલસીબીની ટીમે તેને ઉમરેઠ પોલીસને સોંપવા તજવીજ શરૂ કરી છે.

જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા ડ્રાઈવના આદેશ કર્યા છે ત્યારે એલસીબી પીઆઈ નિરજ પટેલ અને તરલ ભટ્ટના માર્ગદર્શનમાં અલગ-અલગ ટીમો તે દિશામાં કાર્યરત થયેલી છે. ગઈ કાલે પીએસઆઈ એચ. કે. સોલંકીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ રણજીતસિંહ અને જીગ્નેશકુમારને તેર વર્ષથી નાસતા ફરતા





આરોપી અંગે સંયુક્ત બાતમી મળી હતી. જેના આધારે એલસીબીએ મુળ બ્લોક નંબર-૩૬/૩ છ ટાઈપ,સે-૨૨ ના રહેવાસી અને હાલ સેક્ટર-૪-ડી ખાતે રહેતાં આરોપી વસંત કેશરભાઈ પરીખને સેક્ટર-૩-૪ ચોકડી પાસેથી ઝડપી પાડયો હતો. આ આરોપી અગાઉ નવા સચિવાલયમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતો હતો અને તે વખતે ફરિયાદીના સંબંધીને નોકરી અપાવવાના બહાના હેઠળ પોતાના સાગરીતો સાથે મળી લાખો રૂપિયાની છેતરપીડી આચરી હતી. આ મામલે તેની સામે આણંદ જિલ્લાના ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ૧૩ વર્ષથી આ આરોપી નાસતો ફરતો હતો જેને એલસીબીએ ગાંધીનગરથી ઝડપી પાડી ઉમરેઠ પોલીસને સોંપવા કવાયત હાથ ધરી છે.